
# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૪૦૦ • તા. ૭ ફેબ્રુઆરી થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.

# હુબલીના જ્ઞાતિ શ્રેષ્ઠી અને ઉદ્યોગપતિ
# ભરત શેઠનું દુઃખદ નિધન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પૈસા કરતાં પરિવારિક પ્રેમની તાકાત પ્રચંડ હોય છે

પૈસો માણસના સુખના સ્તરમાં વધુમાં વધુ એકથી બે ટકાનો ફેર લાવી શકે છે. પણ બાકી સુખનો વધુ આધાર માણસનું શારીરિક અને માનસિક સારો સ્વાસ્થ્ય અને તેના પરિવારિક સંબંધો અને તેની આસપાસના લોકો સાથેના તેના સંબંધો પર હોય છે.

સંશોધન કર્તાઓ એવું તારણ કાઢ્યું છે કે કોઈપણ દેશની સંસ્કૃતિનો એના લોકોના જીવન પર ખૂબ જ પ્રભાવ હોય છે. જે સમાજમાં ઉદારતાનો સ્તર ઊંચો છે અને એ લોકો વધુ સુખી હોય છે. માનવીના સુખ માટે પૈસો કે આર્થિક સલામતી ચોક્કસ જરૂરી છે એને અવગણી ન શકાય પણ માત્ર પૈસા હોય તો જ સુખી હોઈએ એવું જરૂરી નથી. રિસર્ચ કરનારાઓએ એવું પણ નોંધ્યું છે કે આજે દુનિયાના બધા જ દેશોમાં આવકનો સ્તર ઊંચો ગયો છે. પણ એની સાથે લોકોના સુખનો સ્તર વધ્યો નથી. તેમના સંશોધન દરમ્યાન એક મહત્વની વાત એ જોવા મળી કે માત્ર પૈસો જ સુખી કરી શકતો નથી. પણ પારિવારિક સ્વજનો, સ્નેહીઓ સાથેના સંબંધો જ મોટો ભાગ ભજવે છે. આના કારણેને લીધે સ્કેન્ડિનેવિયા દેશના લોકો દુનિયામાં સૌથી સુખી ગણાય છે. તેમના સુખનું એક કારણ તેમની એક બીજાની કાળજી કરવાની સંસ્કૃતિ અને સૌને સમાન ગણવાના સંસ્કાર છે.

ઘરની કોઈ વ્યક્તિ અચાનક વિદાય લે ત્યારે દુઃખ થાય એ સહજ ભાવના છે પણ એમના શોકમાં સતત ગુમસુમ રહી અમૂલ્ય સમય વેડફી દેવું એ સાચું નથી. પણ જે વ્યક્તિની હયાતી નથી તેના સારા કાર્યો તેમની સારી વાતો, સારા વિચારો તેની સાથેના સાંનિધ્યની સોનેરી ક્ષણોની સ્મૃતિને સતત જતનપૂર્વક જાળવીએ, ઉજાગર કરીએ અને એ વ્યક્તિ સતત આપણી સાથે છે, આપણી વચ્ચે છે એનો અસ્તિત્વનો આમ સુક્ષ્મ રીતે સ્વીકાર કરીને જીવીએ તો એનાથી સતત પોઝિટિવ સ્પંદનો જાગે અને આપણો ઉત્સાહ બમણો કરે. જે વ્યક્તિની હાજરી અત્યારે આપણી વચ્ચે નથી. તેનો ઝિંદાદિલ મિજાજ અને નિજાનંદ ભરી યાદો સૌને વધુ ને વધુ પ્રેરિત કરવાની છે. આવું પારિવારિક ખુશખુશાલ બોન્ડિંગ પરિવારના નાના મોટા સૌની માટે એક અલગ સાતત્ય બની રહે છે. આવું નિર્વ્યાજ સ્નેહ સ્મૃતિ સૌની હામ અને પ્રેરણા આપી ઉત્સાહ વધારી શકે છે.

આજે ઘરના સભ્યો વ્યવસાયિક તાણ તંગદિલીમાં એક બીજાની હાજરીમાં પણ તણાવ ભર્યા રહેતા હોય છે. સોશ્યલ મિડિયામાં વ્યસ્તતાને કારણે એકમેકની હાજરી પણ નોંધી શકતા નથી કે પ્રેમાળ નજરથી નિરખી શકતા નથી. માત્ર લાચારીને કારણે સાથે રહેવા મજબૂર હોય છે. એવા સંજોગોમાં સુખી માહોલ કેવી રીતે સર્જાઈ શકે? એક તાંતણે બંધાયેલો પરિવાર મુસીબતની કે દુઃખની પળોમાં એકઝુટ રહી શકે છે. માટે જ ભૌતિકપરિબળ કરતાં પારિવારિક પ્રેમ અને પ્રાથમિક સામાજિક સંબંધો પ્રચંડ તાકાત આપી શકે છે.

– જય જ્ઞાતિમૈયા

# પુસ્તક વાંચનની મજા

વાંચન એ આપણા જીવનનું એક અવિભાજ્ય અંગ છે એમ કહેવું આ જરાય અતિશયોક્તિ ભરેલું નથી. આ વાંચન ત્રણ હેતુથી થાય છે. સમય પસાર કરવાના હેતુથી, મજા-આનંદ કે મનોરંજ હેતુથી અને જ્ઞાન મહિતી મેળવવા માટેના હેતુથી. આપણી આંખો દ્વારા જે વાંચન થાય છે તેની ગાઢ અસર આપણા જીવન પર થાય ને થાય જ છે. તેથી સારા અને ધ્યેયપૂર્તિ તરફ લઈ જનારા પુસ્તકો વાંચવા જોઈએ. ખરાબ પુસ્તકો વાંચવા ન જોઈએ. ખરાબ પુસ્તકો ઊધઈ જેવા હોય છે. જે ધીરે ધીરે કરીને આપણી સમજણ શક્તિ અને બુદ્ધિ ક્ષમતાને ખોતરી ખાય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

એક જ્ઞાનીએ લખ્યું છે કે જેના ઘરે પૈસા છે એ લોકો પૈસાદાર છે પરંતુ જેના ઘર જીવન ઘડતર લક્ષી પુસ્તકો છે એ ધનવાન છે. પુસ્તકોને જ્ઞાનનો ખજાનો કહેવામાં આવ્યું છે. લેખિત સામગ્રીને અખૂટ ભંડાર કહેવાયું છે. વાંચનએ માત્ર શબ્દોને સમજવાની પ્રક્રિયા નથી. પરંતુ એક વિશાળ વિશ્વમાં પ્રવેશવાનું પ્રવેશદ્વાર છે. કારણ કે વાંચનથી આપણે અગોચર અને અજાણી દુનિયાની સફર કરીએ છીએ. પુસ્તકનો સંગાથ આપણને મળશે તો ક્યારેય એકલતા સતાવશે નહી અને એને કારણે ડિપ્રેશન આપણા અંતરમાં પ્રવેશવાની ડોરબેલ વગાડશે નહીં.

જ્યારે અજાણી વાટે જતાં રસ્તો આપણને ખબર ન હોય તો કોઈને પૂછી લેવું સારું રહે જેથી અવળી વાટે ન ચડી જઈએ. આડા માર્ગે ચડી હેરાન ન થઈએ. સમય વ્યય ન થાય અને શક્તિનો ક્ષય ન થાય. આમ અજ્ઞાનમાંથી બહાર કાઢવા સાથી કે સંગાથી અમૂલ્ય રાહબર બની રહે છે. પુસ્તક એ એક પ્રકારનો દોસ્ત, ભાઈ બંધ છે.

જે વ્યક્તિને વાંચવાની ટેવ હોય છે એને જો ક્યારેક વાંચવા માટે સમય ન મળે, અનુકુળ સંજોગો ન થાય તો મન અંદરથી આકુળ વ્યાકુળ થઈ જાય છે. આપણી ધારણા એવી છે કે નિવૃત્ત વ્યક્તિ માટે વાંચન સમય પસાર કરવા માટે જરૂરી છે. પણ પ્રવૃત્ત વ્યક્તિ માટે પણ વાંચન તાજગી, સ્ફૂર્તિ માટે અને એનર્જી સાથે આગળ વધવા માટે જરૂરી છે. જેમ તનને મનનો થાક ઉતારવા ઊંઘ જરૂર છે તેવી જ રીતે મસ્તિક મગજનો થાકેડો ઉતારવા વાંચન જરૂરી થાય છે. જેવી જ રીતે બીમાર વ્યક્તિને માટે દવાઓ લેવી જરૂરી હોય છે એ પ્રકારે થાકેલા હતાશ થયેલા વ્યક્તિને માટે વાંચન કરવું જરૂરી હોય છે. જેથી તેનામાં શક્તિનો સંચાર થાય છે.


આજના ઈલેક્ટ્રિક ગેજટના યુગમાં વાંચનનો ભોગ લેવાઈ ગયો છે. મોબાઈલમાં આવતાં મેસેજનું વાંચન અને ગમતા મેસેજને ફોવર્ડ કરવામાં સમય આજે વધુ ખર્ચાય છે. આમ પુસ્તકીયા પ્રેમ કરતાં મોબાઈલનો ક્રેઝ સૌને ગળે વળગી ગયો છે. સારું પુસ્તક વાંચીએ, ગમે એટલે હૈયા સરસું ચાંપીએ એટલે એક પ્રકારની હુંફ મળે પણ મોબાઈલને માટે તો એવી સલાહ અપાઈ છે કે તેને શરીરથી બને તેટલું દૂર રાખવું. પુસ્તકના પાનાઓમાં મોર પીચ્છ, પ્રેમનું પ્રતિક ગુલાબ, પ્રિયજનની વારંવાર વાંચવા ગમે એવી ચીઠ્ઠી, ગમતી લાઈનને અંડરલાઈન કરવા માટે હાથવગી પેન કે પેન્સિલ રાખી શકાય પણ મોબાઈલમાં ક્યાંથી રાખી શકાય? એટલે પુસ્તક વાંચવાની મઝા અલગ પ્રકારની હોય છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીના અવિરત ૫૧ વર્ષ સુધી પ્રમુખપદ શોભાવનારા ભરતભાઈ ભાણજી દેવજી ખોનાનો દેહવિલય



વર્ષ ૧૯૭૫ થી આજ દિવસ સુધી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન હુબલીના પ્રમુખપદે રહી સમાજસેવા પ્રત્યે નિષ્ઠાપૂર્વક સમર્પિત રહેનારા નામી ઉદ્યોગપતિ, જ્ઞાતિ શ્રેષ્ઠી કચ્છ તેરા હાલે હુબલી કર્ણાટકના ભરતભાઈ ભાણજી દેવજી ખોના ઉ.વ.૮૪નું નિધન તા.૫ ફેબ્રુઆરી ગુરૂવારના રોજે થયું. તેમના અરિહંતશરણ થવાના સમાચાર પ્રસરતા હુબલી-ધારવાડ-ગદગ-બેંગ્લોર સાથે સમસ્ત દક્ષિણ ભારત એકમ સહિત સકળ દેશના જ્ઞાતિજનોમાં શોક પ્રસરી ગયો હતો.

જીવન અને મરણ જીવનકાળની ઘટમાળના પાસા હોવા છતાં તેમની વિદાય જ્ઞાતિ માટે અખૂટ ખોટ સમી છે. મિલનસાર, સ્નેહાળ સ્વભાવ, જ્ઞાતિ અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના, નાના મોટા પ્રત્યે હેત રાખવું, કાર્યકરને પ્રોત્સાહન આપવા માટે તેઓ અગ્રપણે ઊભા રહેતાં હતા. શ્રેષ્ઠી હોવાનો કોઈ ગુમાન રાખ્યા વિના અદના સેવક તરીકે તેઓ મોખરે રહી સૌને પ્રોત્સાહન આપતા હતા.

વર્ષ ૧૯૭૫ થી આજ દિવસ સુધી એટલે કે સતત ૫૧ વર્ષ સુધી શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખ પદે બિનહરીફ તરીકે રહી સૌની ચાહના મેળવી હતી. તેમના વિઝનેરી નેતૃત્વ હેઠળ અર્ધ શતાબ્દી જેટલા વર્ષો દરમ્યાન હુબલીમાં જ્ઞાતિજનો માટે અઢળક વિકાસ કાર્યો કરી પોતાની અથાગ જહેમતના બળે જ્ઞાતિનું મજબૂત અને ઐક્ય ભર્યું અડગ સંગઠન ઊભું કર્યું. જેનો જોટો જડે તેમ નથી. આ ઉપરાંત રોટરી ક્લબ અને અન્ય સંસ્થાઓ સાથે જોડાઈ શિક્ષણ અને આરોગ્ય સેવાઓ ઊભી કરી હતી.

તેમના અવસાનથી સમસ્ત દશાઈ જ્ઞાતિને ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપે એ પ્રાર્થના કરીએ.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**


**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ભાવપૂર્ણ પુષ્પાંજલિ



જન્મદિવસ
૧૬-૧૦-૧૯૪૨

દેહાવસાન
૦૫-૦૨-૨૦૨૬

કચ્છ
તેરા

હાલે
હુબલી

## સ્વ. ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**આદરણીય, સન્માનનિય પ્રમુખ શ્રી**
**શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, હુબલી (૧૯૭૫ થી ૨૦૨૬ સુધી)**

જીવન અને મરણના ઘટનાક્રમથી પરિચિત હોવા છતાં આપની વિદાય આજે વસમી લાગે છે.
આપનો મિલનસાર અને સ્નેહાળ સ્વભાવ, બીજા માટે કરી છૂટવાની ભાવના કેમેય ભૂલાતી નથી.
આપનો માયાળુ, પરોપકારી સ્વભાવ, ઉદાર ભાવના, કુટુંબ પ્રત્યેની અનહદ્ લાગણી,
નિઃસ્વાર્થ પરોપકારી વૃતિ અને સહુ પ્રત્યેનો સ્નેહભર્યો આદર ભાવ ક્યારેય ભૂલાશે નહીં.
જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ અને શીતળતા બક્ષે છે તેમ આપે
કદી સુખને છલકાવ્યું નથી ને દુઃખને દેખાડયું નથી. પ્રભુ, આપના આત્માને ચિર શાંતિ અર્પે
અને અમો સર્વેને આપની ખોટ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના.

**શોકાતુર**

**શાંતિલાલ રામજી લાલકા સમસ્ત પરિવાર-હુબલી**

# સંજીવની સુવર્ણ પેટ્રન તરીકે યોગદાન આપનાર દાતાને ભાવવંદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**શ્રી વીરેન્દ્ર લખમશી લુઢિયા**

રાયધણજર, ચેમ્બુર

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 50,211**

રાયધણજર-ચેમ્બુરના વીરેન્દ્ર લખમશી લુઠીયા એ રૂા.૫૦,૨૧૧નું અનુદાન સમસ્ત મહાજનની મેડિકલ સમિતિને સંજીવની યોજના માટે પ્રદાન કરી. સંજીવની સુવર્ણ પેટ્રન તરીકે સહયોગી થયાં છે. પરોપરકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી. મનુષ્યનો પરમ ધર્મ છે નાત-જાત પારકા, અજાણ્યાને જોયા વિના તેમના દુઃખ, દર્દ, કષ્ટને પોતાનું ગણી તેમને મદદ કરવી. તેનું ભલું કરવું. સ્વ માટે નહિ પણ અન્યજનો માટે તે વ્યક્તિ કેટલું જીવ્યો એના પરથી વ્યક્તિના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે. અન્યો માટે કરેલા, આપેલા યોગદાનથી જ તે વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

પોતાની સ્વ લક્ષ્મીને સુકૃત્ય દ્વારા મહાલક્ષ્મી તરીકે સ્થાપિત કરવા માટે યશનામી બનનાર દાતાશ્રીની શત શત અનુમોદના સહ ભાવ વંદના.

# ખોના પરિવારના સ્વીકારજો ગુરૂદેવ નમન,
# "૩૭ મી પુણ્યતિથિએ" અર્પીએ શ્રધ્ધાંજલિ સુમન

કરમાઈ ગઈ
જીવનની કડી,
અમ હૃદય રહ્યા છે રડી,
સ્વીકારો ગુરૂમૈયા!
સ્મરણાંજલિ સાથે
અમારી ભાવાંજલિ...




ભુલ્યા ન ભુલાય
આપ તણા ઉપકાર,
સ્વીકારજો
અમ પરિવારના
ભાવોનો ઉપહાર...

**-: જન્મ :-**
વિ.સં. ૧૯૮૧, ફેબ્રુઆરી,
વરાડીયા (કચ્છ)

**-: દિક્ષા :-**
વિ.સં. ૨૦૧૯, વૈશાખ સુદ ૧૩,
પાલિતાણા (ગુજરાત)

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તિની

પ.પૂ. સાધ્વી મુખ્યા શ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના પરમ શિષ્યા

## પ.પૂ.સાધ્વીશ્રી વિમલયશાશ્રીજી મ.સા.

**કાળધર્મ :** વિ.સં. ૨૦૪૫, મહા વદ ૬, વિલેપાર્લા (મુંબઈ)
**સંસારપક્ષે પૌત્ર :** શ્રી લેરીન વર્ધમાન ખોના (સુજાપુર -પવઈ)

અનંત ગુણોના ભંડાર એવા વિરલ વિભુતિની ખોટ અમને આજે પણ સાલી રહી છે. વાત્સલ્ય વારિધિ, ગમે તેવી પરિસ્થિતીમાં સમભાવ કેળવવાની સલાહ અને અરિહંતની આરાધના પ્રત્યે સતત જાગ્રત રહેવાની પ્રેરણા અમે ખોઈ બેઠા.

ઓ ગુરૂમૈયા ! અમ પરિવાર પર સદાય
મીઠી મહેર વરસાવતા રહેજો એજ અંતરની આશ.

**માતુશ્રી મણીબાઈ વર્ધમાન શામજી ખોના (પવઈ–સુજાપુર)**
**હ. વૃષભ નિકીતા જયમન, નયના લેરીન ખોના (98200 02453)**

# રાણપર (કચ્છ) તીર્થ મંડન ચરમતીર્થાધીપતિ મહાવીર સ્વામી જિનાલયની ધ્વજારોહણ ઉજવણી








રાણપર (કચ્છ) તીર્થ મંડન ચરમતીર્થાધીપતિ મહાવીર સ્વામી જિનાલયની ૧૩૪ મી ધ્વજારોહણ મહાસુદ ૧૧ ના બુધવાર તા.૨૮ જાન્યુઆરીના ચઢાવવામાં આવી.

લાભાર્થી પરિવાર માતુશ્રી મધુરીબેન નવીનચંદ્ર મોમાયા પરિવારે પુત્રવધૂ સ્વ.સૌ. કીરણ ભુપેન મોમાયાના આત્મશ્રેયાથે લાભ લીધેલ.

ધ્વજારોહણ કાર્યક્રમમાં ચતૃવિધ સંઘ સાથે પરિવારજન અને આમંત્રિત મહેમાનો એ બહોળી સંખ્યામાં હાજરી આપી ધામધુમ સાથે ધ્વજારોહણ પ્રસંગ ઉજવ્યો.





## જ્ઞાતિમૈયામાં ડિજીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન – જખૌ

સ્થાનિક કાર્યાલય : શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧.

## વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન જખૌ સભ્યો જોગ,

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન – જખૌ **વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૧-૦૨-૨૦૨૬ ના રોજ બપોરના ૩.૦૦ કલાકે થી ૫.૦૦ કલાકે. C/o. દેવપુંજ બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધા રોડ અને કસ્તુરબા રોડ કોર્નર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦** ખાતે રાખવામાં આવશે. જેમાં નીચે મુજબના એજન્ડા રહેશે.

## -: એજન્ડા : કાર્યસુચી :-

૧) ગત વાર્ષિક સામાન્ય સભા તા. ૦૨-૦૨-૨૦૨૫ ની કાર્યવાહીનું વાંચન અને બહાલી.

૨) મહાજનના વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રિપોર્ટની રજુઆત અને બહાલી.

૩) વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ની મહાજનશ્રી તથા ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો અહેવાલ અને નોંધ લેવી.

૪) શ્રી રત્નટુંક જૈન દેરાસરના વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને તેની નોંધ લેવા.

૫) મહાજનશ્રીના વાર્ષિક હિસાબોના અન્વેષણ કાર્ય માટે વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના કાર્યકાળ માટે ઓડીટરની નિમણુંક તથા મહેનતાણુ નક્કી કરવા બાબત.

૬) જૂના અતિથીગૃહનું વિર્સજન બાબત ચર્ચા અને બહાલી

૭) નવિન વિવિધ લક્ષી હૉલ અને અન્ય રૂમોનું નિર્માણ બાબત ચર્ચા અને બહાલી

૮) જૂના વાસણો અને બિનઉપયોગી જૂની સામગ્રીનું વેચાણ બાબત ચર્ચા અને બહાલી

૯) વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં આવેલ પત્રોનો વાંચન

૧૦) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય બાબતો.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ વતી**
**લી. માનદ્ મંત્રીઓ : ચંદ્રેશ વસનજી સોની – રીતેશ કિશોર ખોના**

**નોંધ :** ૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી તેજ સ્થળે મળશે. જેમાં ૧૫ સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

૨) વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના અન્વેષિત હિસાબો તથા ઓડીટ રિપોર્ટ સભ્યોને જાણ ખાતર શુક્રવાર તા. ૦૬-૦૨-૨૦૨૬ થી મંગળવાર તા. ૧૦-૦૨-૨૦૨૬ ના રોજ સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ અને સાંજના ૪.૦૦ થી ૬.૦૦ દરમિયાન જખૌ દેરાસર ખાતે ખુલ્લા રાખવામાં આવશે.

૩) હિસાબો સંબંધી કોઈપણ પ્રશ્નો હોય તો તે તા. ૧૭-૦૨-૨૦૨૬ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી લેખીતમાં જખૌ દેરાસરમાં મહેતાજી ને આપવું. તેમજ બેલેન્સશીટ કચ્છ ઓફીસથી મળી શકશે. તા. ૦૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૦-૦૨-૨૦૨૬ સુધી ૪.૦૦ થી ૬.૦૦ કલાકે દરમિયાન મળી શકશે.

૪) કોઈ પણ પ્રકારના હિસાબોના ચોપડા તથા વાઉચરોની ફોટાગ્રાફી વર્જીત છે.

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧. ફોન : **93770 88890**

**મુંબઈ કાર્યાલય : શ્રી હંસકુમાર શામજી શિયાલ,** C/o. હેમંત સર્જીકલ ઈન્ડસ્ટ્રીઝ લિ., ૫૦૨, એક્સ્સટસી બિલ્ડીંગ, ૫ મા માળા, જે.એસ.ડી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : **96194 84151**

# પ.પૂ.સાધ્વીશ્રી નવકાર ગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨૨મા વર્ષમાં પ્રવેશ કર્યો




કચ્છ નલિયાના માવિત્ર વિજયાબેન દિનેશભાઈ પદમશી લોડાયાના ધર્મગુણાનુરાગી સુપુત્રી સંયમ જીવન સ્વીકારવાના દૃઢ નિશ્ચયથી ઘાટકોપર નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે વિક્રમ સંવત ૨૦૬૧ના મહાવદી ૨ તિથિ દિને દીક્ષા સ્વીકારી. ગુરૂ માતા પ.પૂ.સાધ્વી શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથ પર વિચરણનો પ્રારંભ કર્યો.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના મહાવદી ૨ તિથિ દિને બે દાયકાથી ઉપરાંત એક વર્ષ એટલે ૨૧ વર્ષ પૂર્ણ કરી સંયમ જીવનના ૨૨મા વર્ષમાં પ્રવેશ કર્યો. આજે સપરમા દિને ગુરૂ ભક્તોની મંગલ કામના છે કે પૂજ્ય સાહેબજી આજ પ્રકારે અવિરત આગળ વધતા રહી રજત, સુવર્ણ, હીરકને અમૃત વર્ષથી આગળ વધી સર્વોચ્ચ એવા શતક વર્ષના શિખર પર બિરાજે. સાહેબજીને શુભકામના સાથે શત શત વંદના.


---

# મેડિકલ સમિતિની કેડીઓ સંજીવની યોજનાના રજત પેટ્રન થનાર દાતાની અનુમોદના

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સંચાલિત કેડીઓ સંજીવની યોજના દ્વારા આકસ્મિક આપદામાં સપડાતા જ્ઞાતિજનોને બહુમૂલ્ય ટેકો આપતી આધારે ભૂત અને વિશ્વાસપાત્ર સહાય યોજના છે. ઉદાર દિલ જ્ઞાતિ શ્રેષ્ઠીઓના યોગદાનથી આજ સુધી ૨૧૦ થી વધુ જણને સમયસર તેમના દ્વારા ઈચ્છિત રકમ પહોંચાડી મદદરૂપ થઈ શકાયું છે.

આ સંજીવની યોજના ક્રાઉડ ફંડિંગ દ્વારા ભંડોળ એકઠું થાય છે તે ઉપરાંત વિવિધ પેટ્રન યોજના પણ છે. જેમાં દાતાજનો એક ઉચિત રકમ જમા કરી પેટ્રન બની શકે છે.

નલિયા-બેંગ્લોરના નિખિલ ગુલાબભાઈ છેડા રૂા.૨૫ હાજરનું અનુદાન નોંધાવી સંજીવની રજત પેટ્રન થયાં છે. સ્વલક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા છે. દયા, કરૂણા અને સેવાના સાચા કાર્યો દ્વારા અન્યના જીવનને વધુ સારું, વધુ બહેતર બનાવવા માટેનું ઉચિત અને ઉદારપૂર્વકનું પગલું છે. સંજીવની આશ્રય દાતાના આ સુકૃત્યનું વ્યાપક નોંધ લઈ ભરપૂર અનુમોદના કરીએ છીએ.





શ્રી અનંતનાથાય નમઃ
અવસર છે રૂડો આજ મહાજન આંગણે,
ને હૈયે હરખ ઘણોયે વરતાય છે !
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન,
અમદાવાદ સંચાલિત
"શેઠ રાયચંદ ધરમશી ભવન"
મુખ્ય પ્રવેશ દ્વાર ના લાભાર્થી પરિવાર
માતુશ્રી
સોનલબેન રાયચંદ ધરમશી પરિવાર
કચ્છ ગામ - સુથરી, હાલ - મુંબઇ
Rs. 72 લાખ
અનુમોદના
અનુમોદના અનુમોદના
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ.

# નૂતન ભાવના મંડળ જલગાંવ દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉજવણી સાથે નવા પદાધિકારીઓની વરણી કરાઈ










જલગાંવના નૂતન ભાવના મંડળ દ્વારા તા.૨૬ જાન્યુઆરી સોમવારના ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાઈ. સાથો સાથ મંડળના નવા પદાધિકારીઓની વરણી કરાઈ. વરાયેલા પદાધિકારીઓમાં પ્રમુખ તરીકે રંજનબેન અભય ગુટકા-શાહ, સેક્રેટરી પદે કલ્પના બેન લક્ષ્મીચંદ કેનિયા-શાહ જ્યારે કારોબારી સભ્યો તરીકે કુસુમ કેનિયા, અલ્પા નાગડા, શિલ્પા છેડા, ગીતા શાહ, હિના ભેદા, ઈંદિરા લાપસીયાની વરણી થઈ હતી. શ્રીમતી મોહિનીબેન પ્રવીણ લોડાયાએ પ્રમુખ તરીકેનો પદભાર નૂતન પ્રમુખ રંજનબેન અભય શાહ-ગુટકાને સોંપી શુભકામના આપી હતી. જ્યારે સૌ ચેતનાબેન હિતેશ મોમાયાએ ખજાનચી તરીકેનો પદભાર ખજાનચી તરીકે વરણી પામેલ શ્રીમતી કુસુમબેન લક્ષ્મીચંદ કેનિયાને સોંપી ભાવભરી શુભેચ્છા આપી હતી. નવા વરાયેલા પ્રમુખ રંજન શાહએ મંડળના નેજા હેઠળ સામાજિક સાંસ્કૃતિક અને મહિલાઓને ઉપયોગી પ્રોજેક્ટ કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

ગણતંત્ર દિવસની ઉપલક્ષમાં નૂતન ભાવના મંડળના સભ્યોએ દેશભક્તિની કવિતા, ગીત અને અવનવી માહિતી સભર જાણકારી વીર જવાનોની પ્રેરણાત્મક વાતો પ્રેરણાદાયી સંદેશ અને સુવાક્યો સહિતની પ્રસ્તુતિ કરી ભવ્ય માહોલ જમાવ્યો હતો. હેમા શાહ, મંજુલા ઓસવાલ પ્રભાબેન સતરા, વિજયાબેન શાહ, કાશ્મિરા લોડાયા ઈત્યાદિ ઉપસ્થિત રહ્યાં હતાં.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**


Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## સમસ્ત મહાજન અને જ્ઞાતિના આદરણીય શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી ભરતભાઈ ભાણજી દેવજી ખોના ની જીવન ગાથા જ્ઞાતિમૈયા માં

આ વિશેષ જીવન ગાથા માટે

**શેઠ શ્રી ભરતભાઈ ભાણજી ખોના ને**



**આપની શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ, આદરાંજલિ, સ્મરણાંજલિ તથા આપની સાથેનું સંભારણનું**

**ગુરૂવાર, તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી મોકલવા વિનંતી.**

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**ફુલ પેજ રૂા.૧૦૦૦/-**

Kirti Dharmshi - 98440 04445

Sharad Momaya - 94481 16002 • Jayant Chheda - 93222 57731

Manisha Lalka - 98205 45734 • Varsha Lodaya - 98330 72879

Email : gyatimaiya2018@gmail.com

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી આયોજિત વ્યાપાર મેળો સંપન્ન







શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી દ્વારા આયોજિત વ્યાપાર મેળાનું આયોજન રવિવાર, તા. ૧૮ જાન્યુઆરીના રોજ સવારના ૦૯ : ૦૦ કલાકેથી રાતના ૧૧ : ૦૦ કલાક સુધી માધવાશ્રમ હોલ ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

ટ્રેડ ફેરનો મુખ્ય ઉદ્દેશ આપણી જ્ઞાતિના વિવિધ વ્યવસાય ક્ષેત્રે સંકળાયેલા ભાઈ-બહેનોને એકબીજા સાથે ઓળખાણ, વ્યવસાયિક વિકાસ, સંપર્ક અને વિનિમય માટેનું મંચ પૂરું પાડવાનો હતો. આપણી જ્ઞાતિના અનેક સભ્યો વિવિધ ક્ષેત્રોમાં નિપુણતાપૂર્વક કાર્યરત હોવા છતાં ઘણા લોકોને એની જાણ નથી. આવા વ્યાપાર મેળાઓ દ્વારા પરસ્પર ઓળખ વધે, સહકારથી વ્યવસાય વિસ્તરે અને આપણી જ્ઞાતિના ભાઈ-બહેનો વ્યવસાયિક રીતે સ્વાલંબી બની શકે એ મુખ્ય ઉદ્દેશથી આયોજન કરવામાં આવ્યું હતું.

માધવાશ્રમ હોલમાં કુલ ૨૪ સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા, દરેક સ્ટોલના ₹ ૫૦૦/- તથા લાઈવ ફૂડ સ્ટોલના ₹ ૧૦૦૦/-ની નજીવી રકમમાં આપવામાં આવ્યા હતા.આ ઉપરાંત શ્રી મુંબઈ મહાજનનું લાગા કાઉન્ટર તથા માતૃશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગનું વિશેષ સ્ટોલ પણ હતું.

સવારના ૦૯ : ૫૪ કલાકે માતૃશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગની બહેનો દ્વારા રીબીનની ગાંઠ ખોલી વ્યાપાર મેળાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ દિવસ દરમિયાન સતત માનવ મહેરામણ ઉમટયો હતો.

આ વ્યાપાર મેળાની મુલાકાતે ચીમનભાઈ મોતા, વિજયભાઈ લોડાયા, મયૂરભાઈ લોડાયા, જીવરાજભાઈ લોડાયા, મુકેશભાઈ ધરમશી, નરેશભાઈ મોમાયા, વિનોદભાઈ ડાઘા, શ્રીમતી કલ્પનાબેન ધરમશી તેમજ ફાલ્ગુનભાઈ ખોના પધાર્યા હતા.

મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ કુલીનભાઈ પીર, પદમભાઈ લોડાયા, વિરેન્દ્રભાઈ લોડાયા, રાયચંદભાઈ જીવાણી, અતુલભાઈ ધરમશી, હેમંત ભાઈ ધુલા, વિજયભાઈ સોની તથા મંડળના ભૂતપૂર્વ સભ્યો સનતભાઇ ખોના, અરવિંદભાઈ લોડાયા, ભુપેન્દ્રભાઈ ડાઘા, વિશ્વજીતભાઈ લોડાયા, જયેશભાઈ લાલકા, વિનયભાઈ લોડાયા વગેરે ઉપસ્થિતિ રહ્યા હતા.

મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ મોતાની દીર્ઘદ્રષ્ટિના પરિણામે, આ દિવસે આ જ સંકુલમાં અન્ય ચાર કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેથી વધુમાં વધુ લોકો જોડાઈ શકે અને વ્યાપાર મેળાની મુલાકાત લઈ શકે. આ દ્રષ્ટિકોણથી આયોજનમાં ખૂબજ ઉત્સાહ અને ઉમંગથી ખૂબ જ સુંદર અને અસરકારક સાબિત થયું હતું.

મંડળના સભ્ય ધીરેનભાઈ સોનીના માધવાશ્રમના મેનેજર સાથેના સુમેળભર્યા સંબંધોના કારણે રાહત દરે તેમજ કોઈપણ પ્રકારના બંધન વિના આ આયોજન શક્ય બન્યું હતું.

સ્ટોલ ધારકોને સ્ટોલ અને લાઈટની સારી સુવિધા મળે એ માટે આગલા દિવસની સાંજના મહેન્દ્ર મોતા, ચેતન નાગડા, અમિત ખોના, ધીરેન સોની અને નમન મોતાનો વિશેષ ફાળો રહ્યો હતો.

વ્યાપાર મેળાની પૂર્ણતાના સમયે તમામ સ્ટોલ ધારકોના ચહેરા પર સ્મિત ઝળહળતું હતું, જે તેમના સંતુષ્ટ વેચાણ અને સફળતાનું પ્રતીક હતું. સૌએ આનંદ વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં પણ આવા વ્યાપાર મેળાઓ વારંવાર યોજાતા રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ સફળ આયોજનમાં મંડળના દરેક સભ્યનો કોઈને કોઈ સ્તરે અમૂલ્ય ફાળો રહ્યો હતો. કન્વીનર તરીકે શ્રીમતી ભાવનાબેન મોમાયા, શ્રીમતી પ્રિયાબેન મોમાયા, અને કલ્પેશ દંડે જવાબદારી સંભાળી હતી.

આ સફળ વ્યાપાર મેળો મંડળના ઇતિહાસમાં એક સુવર્ણ અધ્યાય તરીકે અલંકૃત થયો હતો.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોમ્બિવલી, વ્યવસ્થાપક સમિતિ વતી ટ્રેડ ફેર સમિતિ શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા(નલીયા), શ્રીમતી પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા(સાંયરા), ધવલ ઉમેશ ખોના(સાંધવ)અને કલ્પેશ ટીકમચંદ દંડ(લાલા)

# વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીની મુંબઈમાં પહેડી તથા મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ





શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ-વરાડીયા આયોજિત કુળદેવી શ્રી મોમઈ માતાજીની મુંબઈમાં સળંગ ૩૪ મી પહેડીનો લાભ આ વર્ષે શ્રી પ્રિયંક ગજેશ લીલાધર ડાઘા (ભાત બજાર, મુંબઈ) પરીવારે લીધેલ. શ્રી જીવરાજ ભાણજી હોલ, મુલુંડ, મુંબઈમાં રવિવાર, તા. ૦૧ ફેબ્રુઆરીના આયોજિત પહેડીમાં વરાડીયા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા વરાડીયા, સુથરી તથા તેમાંના ડાઘા પરીવારો સહકુટુંબ, તેમની પરિણિત નિયાણીબેનો સજોડે, કચ્છમાં લુણી-ગોએરસમાના ડાઘા પરીવારો સજોડે તથા લાભાર્થી પરીવારના આમંત્રિતો પધાર્યા હતાં.

આણંદજી ભાણજી ડાઘા છેલ્લા ૪૩ વરસથી માતાજીના ભુવા તરીકે સેવા આપે છે. એમના હસ્તે પહેડી-નૈવેધના વિધિ વિધાન થયેલ. ૨૫૦ જેટલા ભાવિકોની હાજરીમાં પહેડી ઉત્સવ રૂડી રીતે ઉજવાયો. પદ્મ આર્ટસના સૌ. ચેતના હરીયા તથા સાથીદારોના તાલે ભક્તિ ભાવનામાં ભાવિકો મન ભરીને ઝુમ્યા હતાં.

મંદિર સજાવટ તથા પહેડી કાર્યમાં ડાઘા પરીવારના હિતેશ, દિપેશ, જયેશ, નિલેશ, પીયૂષ, સાગર, રાજ વગેરેએ મંદિર-સ્ટેજ સજાવટ તથા પહેડી દરમ્યાન સરસ કામગીરી બજાવી હતી. એમની ભુરી ભુરી અનુમોદના.

શ્રી ડાઘા મોમઈ મા મિત્ર તરફથી લાભાર્થી પરીવારનું સન્માન કરવામાં આવેલ.

મુંબઈમાં દર વર્ષે આયોજિત પહેડી માટે આગામી ૪ વર્ષો માટે સૌજન્ય દાતાના નામ આવી ગયાં છે. આવતા વર્ષના લાભાર્થી શ્રી હરીશ ધનજી પાસવીર ડાઘા પરીવાર (ભાડુંપ) છે.

મંડળ સંચાલિત વરાડીયામાં શ્રી મોમઈ માતાજીના મંદિરમાં કાયમી ધૂપ-દીપના લાભાર્થી મા.ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરીવાર છે. ઉપરાંત શ્રી દાદા ભલારા મંદિરમાં ધૂપ-દીપના એપ્રિલ-માર્ચ એક એક વરસનો નકરો રૂ.૧૧,૦૦૦/- છે. આ વર્ષ ૨૫-૨૬ ના લાભાર્થી મા. મા. હીરબાઈ રતનશી પાસવીર ડાઘા હ. નલીનભાઈ (થાણા) તથા આવતા વર્ષ ૨૦૨૬-૨૭ માટે મા. ગંગાબાઈ દેવશી વીરજી ડાઘા હ. ભરતભાઈ (બેંગ્લોર) છે. વર્ષ ૨૦૨૯-૩૦ સુધી નામ આવી ગયા છે.

વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા પુખ્ત વયના ભાવિકો માટે આજીવન સભ્ય ફી રૂ. ૧૫૧/- છે. અત્યારે ૨૬૨ ભાવિકો મંડળના આજીવન સભ્યો છે.





# વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીની મુંબઈમાં પહેડી તથા મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ










શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ સંચાલિત વરાડીયામાં કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી દાદા ભલારાના મંદિરોના સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ ચોથ-પાંચમ તા. ૨૨-૨૩ માર્ચ ૨૦૨૬ ના આયોજિત ધ્વજારોહણ મહોત્સવનો લાભ આ વર્ષે મા. હીરબાઈ રામજી વેલજી ડાઘા પરિવાર હ. ખુશ મહેશ ડાઘા (મુલુંડ) એ લીધેલ છે.

પહેડી બાદ બોલાવવામાં આવેલ મંડળ ટ્રસ્ટની ચોથી સામાન્ય સભામાં વર્તમાન ટ્રસ્ટીઓની પાંચ વર્ષની મુદત માર્ચ ૨૦૨૬ માં પુરી થતાં એપ્રિલ ૨૦૨૬ થી માર્ચ ૨૦૩૧ સુધી ૫ વર્ષ માટે નીચે મુજબ ૯ ટ્રસ્ટીઓની નિમણૂક થયેલ અને તા. ૬ ફેબ્રુઆરીની ટ્રસ્ટ બોર્ડની સભામાં હોદ્દાઓ ફાળવવામાં આવેલ.

દીપક ગંગાજર ડાઘા-પ્રમુખ, મહેશ રામજી ડાઘા-ઉપપ્રમુખ, નલિન રતનશી ડાઘા-સેક્રેટરી, સમીર મહેન્દ્ર ડાઘા-સહ સેક્રેટરી, સૌ. મિનાક્ષી કિરીટ હંસરાજ ડાઘા-ખજાનચી, સૌ. નીતા ગજેશ લીલાધર ડાઘા-સહ ખજાનચી, હિતેશ ઠાકરશી ડાઘા-ટ્રસ્ટી, દિપેશ લહેરચંદ ડાઘા-ટ્રસ્ટી જય હરીશ ડાઘા-ટ્રસ્ટી.

ઉપરાંત નીચે મુજબ ૯ સભ્યોની કારોબારી સમિતિના સભ્યો તરીકે નિમણૂક થઈ હતી.

પીયૂષ લીલાધર ડાઘા, ચેતન શાંતિલાલ શાહ, હરીશ ધનજી ડાઘા, CA ગૌતમ વેલજી શાહ, નીતિન શામજી ડાઘા, નિલેશ ઠાકરશી ડાઘા, રાજ શાંતિલાલ ડાઘા, વિજલ અભય ડાઘા, CA કેતકી દિપેશ ડાઘા.

વાર્ષિક સામાન્ય સભામાં દીપક ડાઘાએ વર્ષ ૨૦૨૪-૨૫ ના ઓડીટેડ હિસાબો રજૂ કરેલ તથા નલિન ડાઘાએ વાર્ષિક અહેવાલ રજૂ કરેલ.

મંડળના વાર્ષિક રખરખાવ ખર્ચ માટે નિયમિત આવકના માધ્યમ માટે રૂ. ૨૦-૨૫ લાખનુ કોર્પસ ફંડ ભેગું કરવા રૂ. ૨૫,૦૦૦/-, રૂ. ૫૦,૦૦૦/-, રૂ. ૧.૦૦ લાખ તથા રૂ. ૨.૦૦ લાખની રકમના ડોનેશન માટે દાતાઓને અપીલ કરવાનુ નક્કી થયું છે. આ રકમ એકી સાથે કે થોડી થોડી રકમ બે વર્ષમાં માર્ચ ૨૦૨૮ સુધીમાં ભરી શકાશે. તા. ૬ ફેબ્રુઆરીની ટ્રસ્ટ બોર્ડની મિટિંગમાં રૂ. ૧.૦૦ લાખના ૩ નામ જાહેર થયેલ.

# શ્રી ક.દ.ઓ.મંડળ, ડોંબિવલી દ્વારા સાંસ્કૃતિક હરીફાઈનુ આયોજન સંપન્ન થયું





શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા આયોજિત સાંસ્કૃતિક હરીફાઈનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૮ જાન્યુઆરીના રોજ માધવાશ્રમ હોલમાં સવારના ૧૦.૧૭ કલાકેથી ઉત્સાહ, ઉમંગ અને આનંદસભર વાતાવરણમાં શરૂ થઈ બપોરના ૦૧.૩૫ કલાકે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. કાર્યક્રમમાં જ્ઞાતિના બાળકોથી લઈને વડીલો સુધી ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી, જેના કારણે સમગ્ર હોલ ઉત્સાહથી ગુંજી ઉઠ્યો હતો.



કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સરસ્વતી માતાજી, શ્રી મહાકાળી માતાજી તથા શ્રી નરશી નાથાની પાવન છબિ સમક્ષ દીપ પ્રજ્વલિત, અગરબત્તી અને માળારોપણ નાના નાના બાળકો દ્વારા કરીને શુભ મંગળમય શરૂઆત કરવામાં આવી હતી. આ ભક્તિપૂર્ણ આરંભે સમગ્ર કાર્યક્રમને ધાર્મિક અને સંસ્કાર સભર માહોલ આપ્યો હતો.

સાંસ્કૃતિક હરીફાઈના કન્વીનર શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા અને મનીષ પ્રવિણચંદ્ર કાંકણ દ્વારા વિવિધ પ્રકારની રસપ્રદ, જ્ઞાનવર્ધક તથા મનોરંજનસભર હરીફાઈઓનું આયોજન ખૂબ જ સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. એમાં વન-મિનિટ ગેમ, ચિત્રકામ, પ્રશ્નમંચ, ધાર્મિક અંતાક્ષરી, વિવિધ ગેમ્સ, સ્મૃતિ રમત તેમજ સુંદર લેખન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તમામ હરીફાઈઓ બાળકોની સર્જનાત્મકતા, વિચારશક્તિ અને સ્મરણશક્તિને વિકસિત કરવામાં સાથે વડીલો માટે પણ આનંદ અને જોડાણનો સારો માધ્યમ બની રહ્યો હતો.



હરીફાઈઓ માટે વય અનુસાર ચાર અલગ-અલગ ગ્રુપ બનાવવામાં આવ્યા હતા, જેમાં કુલ ૧૦૮ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દરેક ગ્રુપમાં સ્પર્ધકો વચ્ચે રસપ્રદ અને નજીકની રસાકસી જોવા મળી હતી. ખાસ કરીને બાળકો વિવિધ રમતોમાં હર્ષોલ્લાસ સાથે ભાગ લેતા જોવા મળ્યા હતા અને હોલ આનંદ, ઉત્સાહ અને તાળીઓથી ગુંજતો રહ્યો હતો.

દરેક હરીફાઈમાં પ્રથમ તથા દ્વિતીય ઇનામો પધારેલા મહેમાનો તથા મંડળના સભ્યો દ્વારા વિજેતાઓને આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઇનામ વિતરણ દરમિયાન સ્પર્ધકોના ચહેરા પર દેખાતું સ્મિત સમગ્ર કાર્યક્રમની સફળતાનું પ્રતિબિંબ હતું.

ઉપરાંત, દરેક સ્પર્ધકને મંડળ તરફથી નાસ્તા માટે કુપન આપવામાં આવ્યા હતા. આ કુપન દ્વારા તે જ સંકુલમાં યોજાયેલા વ્યાપાર મેળામાં આવેલા વિવિધ સ્ટોલમાંથી મનપસંદ વસ્તુઓ ખરીદી શકાતી હોવાથી ખાસ કરીને બાળકોમાં ખૂબ જ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ વ્યવસ્થા દ્વારા એક સાથે મનોરંજન અને વ્યવસાયિક પ્રવૃત્તિને પણ પ્રોત્સાહન મળ્યું હતું.

હરીફાઈઓનું સંચાલન કરવા માટે કન્વીનર સાથે અનુજ ગીરીશ લોડાયા, શ્રીમતી અર્ચના અમિત ખોના, તેમજ નયન લક્ષ્મીચંદ મોતાનો સહયોગ મળ્યો હતો. તમામ સહયોગીઓએ પોતાની જવાબદારી સરસ રીતે નિભાવી હતી.

મંડળના દરેક સભ્યોના સહકાર, સંકલન અને ઉત્સાહના પરિણામે કાર્યક્રમ ખૂબ જ સમયસર, શિસ્તબદ્ધ, આનંદસભર અને સફળ રીતે યોજાઈ ગયો અને ઉપસ્થિત તમામ માટે એક યાદગાર અનુભવ બની રહ્યો હતો.

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોમ્બિવલી વ્યવસ્થાપક સમિતિ વતી સાંસ્કૃતિક સમિતિ ચેરપર્સન શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા (નલીયા) મનીષ પ્રવિણચંદ્ર કાંકણ (સાંધાણ)

## Anumodana

### Sanjivani Case - 217

**Name:Mrs. Maniben Manilal Dharamshi** **Age : 74 Yrs.** **Village: Nani Sindhodi - Dombivli**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 25,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Emerald Patron** | |
| Mat.Kasturibai Visanji Dharamshi and Mat.Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 2,000.00 |
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 2,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 1,500.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shree KDO Mandal, Dombivli | 2,000.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 1,01,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Sheela Bharat Dagha, Mulund | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayra - Raipur | 2,500.00 |
| Shri Amit Jethalal Khona, Naliya - Dombivli | 1,001.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Shrikant Bankimchandra Shah, Raichur | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



## કેડીઓ સંજીવની

**માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે**

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

| Anumodana | |
|---|---|
| Sanjivani Case - 218 | |
| Name:Mr.Hemant Hiralal Jiwani     Age : 60 Yrs.     Village: Jakhau - Madhapar | |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Diamond Patron** | |
| Jakhau Ratnatunk Jain Temple & its Sadharan Fund Trust | 5,000.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,500.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,500.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwar ) | 2,500.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,500.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,500.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,500.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,500.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,500.00 |
| Shree KDO Jain Sarvodaya Mandal, Mulund | 2,500.00 |
| **Gold Patrons** | |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 2,500.00 |
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family) Suthri , Ahmedabad | 2,500.00 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,000.00 |
| Shrimati Karunaben Motichand Khona, Naliya, Mulund | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000.00 |
| Well Wishers | 2,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org   Email: Seva@kdosm.org   Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી


**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૨/૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | મંજલ રેલડીયા નગરે નવ નિર્મિત જિનાલયમાં મૂળનાયક તથા અન્ય પ્રતિમાઓનો ચલ પ્રતિષ્ઠા મહોત્સવ |
| તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | મુંબઈ મહાજન તથા ડોમ્બિવલી મંડળ આયોજિત અનંત ખેલોત્સવ સ્પોર્ટ્સ એકેડમી, મિલાપ નગર, ડોમ્બિવલી. |
| તા. ૨૧ ફેબ્રુઆરી થી ૦૧ માર્ચ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ પ્રેરીત બિદડામાં નેચર ક્યોર કેમ્પ |
| તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી ફાગણી તેરસ નિમિત્તે છ ગાઉ યાત્રા માનસ મંદિર, શાહપુર સવારના ૬.૦૩ કલાકે થી. |
| તા. ૦૮ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરના ૧૫.૦૩ કલાકે થી. |
| તા. ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ -પાલીતાણા- ગિરનાર યાત્રા પ્રવાસ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**દિનેશભાઈ મોતા**
તા.૨ ફેબ્રુઆરી (ઉ.૬૭)
કોઠારા-ભાંડુપ



**ભરતભાઈ ખોના**
તા.૫ ફેબ્રુઆરી (ઉ.૮૪)
તેરા-હુબલી



**શાંતિલાલ લોડાયા**
તા.૫ ફેબ્રુઆરી (ઉ.૭૦)
કોઠારા





**મીઠીબાઈ લોડાયા**
તા.૫ ફેબ્રુઆરી (ઉ.૯૫)
જખૌ-માટુંગા



**લીલાવંતીબેન ધરમશી**
તા.૫ ફેબ્રુઆરી (ઉ.૮૦)
ગોરખડી-જામનગર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

|| શાસનપતિશ્રી મહાવીરસ્વામીને નમઃ || || શ્રી મુનિસુવ્રતસ્વામીને નમઃ || || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્વામીને નમઃ ||

|| નમો નમઃ ગુરૂ શ્રી આર્યરક્ષિત-જયસિંહ-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરૂતુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણ-રત્ન-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો ||

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

સંઘ સ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

ગીતા સ્મૃતિ પેઢી, ૭૦૬, શાંતિ હાઈટસ્, શ્રી નારાણજી શામજીવાડીની સામે, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ- ૪૦૦ ૦૧૯. ફોન : ૦૨૨ - ૩૫૬૮૦૭૦૮

દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા., તપચક્ર ચક્રવર્તિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

પુણ્ય પ્રભાવક નિશ્રા : સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા શ્રમણ-શ્રમણી ભગવંતો


# સમુહ વર્ષીતપ પારણા મહોત્સવ

## વર્ષ ૩૫મું

**પારણા દિન**
સં. ૨૦૮૨, વૈશાખ સુદ ૩,
**રવિવાર**
**19-4-2026**

**પારણા સ્થળ :**
હસ્તિનાપુર નગરી, રીચર્ડસન એન્ડ ક્રુડાસ ગ્રાઉન્ડ,
એલ.બી.એસ.માર્ગ, મુલુંડ (વે)

પ્રથમ તીર્થાધિપતિ શ્રી ઋષભદેવ પ્રભુના આલંબને,
સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના
રજત વર્ષીતપની અનુમોદનાર્થે ભારતભરમાં
૧૦૦૦ થી અધિક આરાધકો વરસીતપ કરી રહ્યા છે.
તપસ્વીઓના તપની અનુમોદના કરી શાતા પૂછીએ છીએ.



પુણ્ય પ્રભાવક નિશ્રા : સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
આદિ શ્રમણ-શ્રમણી ભગવંતો

## સમુહ વર્ષીતપ પારણાના આયોજનમાં લાભ લેવાનો સુવર્ણ અવસર

આ વર્ષે પારણામાં અંદાજે મુંબઈમાં ૮૦૦ થી અધિક તપસ્વીઓ જોડવાની શક્યતા છે. સમગ્ર આયોજનના ખર્ચને પહોંચી વળવા નીચે મુજબ યોજનામાં લાભ લેવા સર્વે સંઘો, મહાજનો, દાતા પરિવારોને નમ્ર અપીલ

| પ્લેટીનમ દાતા | ગોલ્ડન દાતા | સિલ્વર દાતા | બ્રોન્ઝ દાતા |
|---|---|---|---|
| 25.00 | 11.00 | 5.00 | 2.50 |

આવેલ સુવર્ણ તકને ઝડપી આજે જ આપનું નામ નોંધાવવા વિનંતી

### તપસ્વીઓને નમ્ર અપીલ

આપ આપના ફોર્મ ભરીને નીચેમાંથી કોઈપણ એક સેન્ટરે જમા કરાવશોજી. જે તપસ્વીઓને બેઠક સાથે જોઈતી હોય તેઓ પોતાના ફોર્મ દરેક ફોર્મને સ્ટેપલ કરી તેના પર ચીઠ્ઠીમાં ભેગી બેઠક ઈચ્છુક તપસ્વીઆને નામ લખીને જમા કરાવશો. એક વાર તપસ્વીઓના ક્રમાંક અપાઈ જશે તો પછી કોઈપણ સંજોગોમાં તેનો ફેરફાર થઈ શકશે નહીં.

**તપસ્વીઓના સમુહ અતરપારણા**
મંગળવાર,
તા. ૭-૪-૨૦૨૬
ટીપટોપ પ્લાઝા, થાણા

સમુહ વર્ષીતપમાં જોડાવવા આપે હજી આપનુ ફોર્મ ભરેલ ન હોય તો આજે જ નીચેના સ્થળેથી ફોર્મ મેળવી ભરી ત્યાંજ પાછું આપવા વિનંતી.

### ફોર્મ લેવા તથા જમા કરાવવાના સ્થળો

- સંસ્થાની માટુંગા ઓફીસ
- શ્રી આદિનાથ જિનાલય - ભાત બજાર
- શ્રી અનંતનાથ જિનાલય - ખારેક બજાર
- શ્રી સુવિધિનાથ જિનાલય - લાલબાગ
- શ્રી સહસ્ત્રફણા જિનાલય - માટુંગા
- શ્રી અચલગચ્છ જૈન સંઘ - ચેમ્બુર
- શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય - ઘાટકોપર
- શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ - ભાંડુપ (વે)
- શ્રી વાસુપૂજ્ય જિનાલય - ઝવેર રોડ, મુલુંડ (વે)
- શ્રી અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ (પૂર્વ)
- શ્રી ઋષભ અજિતનાથ જિનાલય - થાણા
- શ્રી સુવિધિનાથ જિનાલય - ડોંબિવલી (ઈ)
- શ્રી અંબરનાથ અચલગચ્છ જૈન સંઘ
- નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘ
- શ્રી દાદર જૈન સંઘ (વે) - લીટલ વંડર - 98204 72228
- શ્રી કલિકુંડ જૈન સંઘ - સાંતાક્રુઝ (ઈ)
- શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ – સાંતાક્રુઝ (વે)
- શ્રી મલ્લીનાથ જિનાલય - જોગેશ્વરી (ઈ)
- શ્રી ગોરેગામ અચલગચ્છ જૈન સંઘ - ગોરેગામ (વે)
- વેરાયટી સ્ટોર્સ - બોરીવલી (વે) 98200 72425
- શ્રી દહીંસર અચલગચ્છ જૈન સંઘ -દહીંસર (ઈસ્ટ)
- શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલય - નાલાસોપારા (ઈ)

**ભરેલા ફોર્મ જમા કરવાની અંતિમ તા. ૧૪-૨-૨૦૨૬**

વિશેષ માહિતી માટે : જતીન છેડા - 98210 64216 • પ્રવિણભાઈ લોડાયા - 98205 65261

મુંબઈથી બહારગામ વસતા તપસ્વીઓ 96199 39216 નંબર પર ફક્ત મેસેજ કરી ફોર્મની PDF ફાઈલ મંગાવી શકશે.

લીં. પ્રમુખ : નયન અશોક ભેદા • વરિષ્ઠ ઉપપ્રમુખ : હેમચંદ મુરજી ગડા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● જેમ શરીરની સમતુલા જાળવવા ઋતુ અનુસાર ખોરાક લેવો જરૂરી છે તેમ જમીનની સમતુલા વધારવા ફળદ્રુપતા જાળવવા દેશી છાણિયા ખાતરનો છંટકાવ જરૂરી છે. યુરિયાને બદલે દેશી ખાતરનો વપરાશ અસરકારક પરિણામ આપે છે. કારણ કે તેમાં નાઈટ્રોજન ફોસ્ફરસ, પોટેશિયમ તથા સુક્ષ્મ પોષક તત્વો સંતુલિત માત્રામાં હોય છે. છાણિયું ખાતર એકવાર નાખ્યા પછી ત્રણ વર્ષ સુધી પોતાના પોષક તત્વો જાળવી રાખવા સક્ષમ છે. જ્યારે રાસાયણિક ખાતર જમીનની તાસીર બગાડે છે. ઘણા લોકો ઓફ સિઝનમાં દેશી ખાતરનો સંગ્રહ કરી શિયાળામાં તેનું વેંચાણ કરે છે. ઘેટાં બકરાંના ખાતરની નાની ટ્રોલી ૨૩૦૦ થી ૨૫૦૦, મોટી ટ્રોલી ૨૮૦૦ થી ૩૦૦૦ જ્યારે ગાયભેસના ખાતરના ૨ હજારથી ૨૨ સો અને ઉકરડાના ખાતરના ૧૮૦૦ રૂપિયાથી વેચાણ થાય છે.

● બાળકોમાં ખેલ દ્વારા ખેલદિલીનો ગુણ વિકસે તે માટે દર વર્ષે ખેલ મહાકુંભ ગુજરાત સરકાર દ્વારા યોજવામાં આવે છે. જે અંતર્ગત અબડાસા તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ અદાણી ફાઉન્ડેશન અને અદાણી સિમેન્ટના સહયોગથી નિવાસી આશ્રમશાળા અને ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, કોઠારા ખાતે યોજાયો. જેમાં ૫૦ થી વધારે શાળાના ૧૨૦૦ થી વધારે બાળકો ભાગ લીધો હતો. ખેલ મહોત્સવમાં ખોખો, કબડ્ડી, ચેસ, વિવિધ અંતરવાળી દોડ, વોલીબોલ, ઊંચી કૂદ, ચક્ર ફેંક, ગોળા ફેંક, રસ્સી ખેંચ, યોગાસન વિગેરે જેવી રમત સ્પર્ધા યોજાઈ હતી. પ્રમથ, દ્વિતીય અને તૃતીય નંબર વિજેતા થયેલ ૪૯૦ જેટલા બાળકોને મહાનુભાવોને હાથે સન્માનિત કરવામાં આવ્યા હતા.

● અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે આવેલ એસટી ડેપો દરરોજ અંદાજે અઢી લાખ રૂપિયાની આવક અને ૩૭ રૂટ પર બસોનું સંચાલન કરતો હોવા છતાં સ્ટાફની ભારે અછત અને યોગ્ય જાળવણીના અભાવે કફોડી હાલતમાં મૂકાયો છે. આ કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ડ્રાઈવર-કન્ડક્ટરની ૭૨ જગ્યાની સામે માત્ર ૫૭ જ કાર્યરત છે. ડેપો મેનેજર, બે કલાર્ક, કેશિયર તેમજ ટીસી સહિતની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી પડી છે. વર્કશોપમાં ૨૦ કામગારની જગ્યાએ માત્ર ચાર કામગાર ફરજ બજાવે છે. જેના લીધે બસોનું સમયસર મેઈન્ટેન્સ થઈ શકતું નથી. હેડ મિકેનિક, મિકેનિક અને હેલ્પર સહિતના સ્ટાફની અછત બસોની બિસમાર હાલત માટે જવાબદાર છે.

● છેલ્લાં ૨૯ વર્ષથી વેપારીઓનું સંગઠન માંડવી ચેમ્બર્સ ઓફ કોર્મસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દાતા શ્રેષ્ઠીઓના સહયોગથી ૨૧ વર્ષથી અવિરત જરૂરતમંદ દર્દીઓ માટે ઓક્સિજન બાટલાની ૨૪ કલાક નિઃશુલ્ક સેવા આપવામાં આવી રહી છે. અમેરિકા સ્થિત દાતા ડૉ. વિજયભાઈ પી.શાહે ઓક્સિજનના બાટલા માટે ૨૦ લાખ રૂા.નું અનુદાન આપતાં આ પ્રવૃત્તિઓને દરેક જ્ઞાતિ સાથે ગ્રામ, વિસ્તારના જરૂરતમંદ દર્દીઓ લાભ લઈ રહ્યાં છે. આ ઉપરાંત દર ઉનાળા દરમ્યાન જીવદયા કાજે રૂા.૬૦ થી ૬૫ લાખના ખર્ચે ૩૦૦ થી ૩૫૦ ગાડી ઘાસનું નિરણ કરાવાય છે.

● ૪૯૦ બ્રાન્ચ પોસ્ટ ઓફિસ, ૬૨ સબ પોસ્ટ ઓફિસ અને ૪૫૬૭૪ ચોરસ કિ.મી.નું ક્ષેત્રફળ ધરાવતો ભારતનો સૌથી મોટો જિલ્લો કચ્છમાં પોસ્ટ વિભાગની કામગીરી સામે સવાલો ઉઠતા રહે છે. અધૂરામાં પૂરું ૫૦ ટકા સ્ટાફની ઘટ છે. ત્યારે કચ્છ પોસ્ટ ડિવીઝનને બે ડિવિઝનમાં વિભાજીત કરવા માટે ખરેખર જરૂરી છે. બે સુપ્રિટેન્ટડ હોવા જોઈએ તેના બદલે માંડ માંડ એક હોય તે પણ થોડા મહિનામાં બદલી થઈ જાય છે. છેલ્લા એક દાયકાથી મોટા ભાગના ડાક અધીક્ષકો છ મહિનાથી એક વર્ષમાં બદલાઈ જાય છે અને પછી અમુક સમય અન્ય જિલ્લાના ડાક અધીક્ષકને કચ્છનો વધારાનો હવાલો સોંપવામાં આવે છે. એટલે નિમણુક થયેલ અધીક્ષક અડધો સમય કે તેથી ઓછો કચ્છમાં ગાળે બાકીનો સમય પોતાના મુખ્ય જિલ્લામાં ગાળતા હોય છે.

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

***7.49%** (p.a.)

***8.49%** (p.a.)

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank